## 6 વિશ્વ આજે સડી ગયું છે

વિશ્વ આજે સડી ગયું છે 'ક્રોનિક' રોગમાં,
મનો-વાણી-દેહાચારે ભયોત્પાદિ ભોગમાં.---વિશ્વ...

ઝેર તણાં અજાણેયે પારખાં ન હોય જાણ,
વિકારીભાવે અડપલું બાંધી દેશે ભંગજાળ,
ધર્મમાન્ય સ્ત્રીપુરુષ સંબંધેયે સીમા તાણ,
શરીર આખું ધોઈ નાખે અનિયમી સ્થૂળ કામ.

'હાર્ટફેઈલ' માટે બીજો રસ્તો ભાઈ ગોત મા,
લક્ષ્મી અને વિષયોની લૂંટ કરો હોંશમાં.

'ઇલેક્ટ્રિક કરંટ' જેવો લોકનિંદ્ય અનાચાર,
પોતાને ને સામાનેયે બાળી મેલે વિષયતાર,
સમાજે ને કુટુંબે જે માન્ય જોડું નર ને નાર,
તેથી બહાર કુદૃષ્ટિનું જોખમ અનંત કાળ.

બાહ્યાચાર જેનાં ચોખ્ખાં હોય વિશ્વલોકમાં,
તે જીવાત્મા સુખી થાય લોક-પરલોકમાં.

કળિયુગી કાળે નાણે કાળજાંયે ફડફડ,
'ટેક્સ'ની તલવારે વકીલ, વૈદ્યવાળી ઝંઝટ,
બાપ-બેટા, બેટી-માતા બેશરમ ને નફ્ફટ,
છડેચોક ત્રિ-પાધિની કમાણી જ ધરખમ.

અણહક્કી કમાણીથી દેહ ગળે શોકમાં,
લક્ષ્મીનોયે મરડો કૈડે રોમેરોમે પોકમાં.

જે કમાણી કરતાંયે ભયાવહી રૌદ્રધ્યાન,
તે કમાણી વપરાતાંયે આત્મઘાતી નરકધ્યાન,
ભ્રષ્ટાચારી 'ઑન'વાળાં નાણાં લાવે અપધ્યાન,
નીતિવાળું નાણું છે ત્યાં ઊંચ ગોત્ર—કર્મ—નામ.

લોભ અંધ, કામ અંધ, ફરશો નહીં રોફમાં,
દેવતાઈ ધર્મચક્રો ફરે છે હ્યાં જોશમાં.

અનાચારે, દુરાચારે, ભ્રષ્ટાચારે દોઝખ,
દેહનાં કુષ્ટાચારે દેવતાઈ જોખમ,
પાશવી, વિકારી વૃત્તિ બે-ચૈન હરદમ,
ધર્મને ભુલાવે ભૂંડા તિર્યંચી પશુ-કરમ.

નબળાંને બુદ્ધિથી માર્યાં, ચૂસ્યાં લોહી શોખમાં,
ભગવાને કહ્યાં તેને માંસાહારી મોહનાં.

પ્રત્યેક રોગનો ઇલાજ છે એ નક્કી જાણ,
જે ફરજ મળી છે વિશ્વે તેમાં ભરો સદાચાર,
માનવીનાં દેહને દીપાવે સાચો ધર્માચાર,
નિરપેક્ષે આત્મા ઠારે એવા પ્રગટો પ્રેમાચાર.

અવિકારીપણું હોજો પ્રાકૃતિ ભૂગોળમાં,
ઇતિહાસી ભાવશુદ્ધિ પ્રતિક્રમે પોતમાં.---વિશ્વ...